# જે કંઈ કરો એ પૂરા દિલથી કરો



## ઓનરશિપ સાથે કામ કરવા માટેની કેટલીક ટિપ્સ

1.તમે કેટલું કામ કરો છો તે મહત્ત્વનું નથી, તમે કેટલું દિલ લગાવીને કામ કરો છો તે મહત્ત્વનું છે. આથી જે કંઈ કામ કરતા હોય તેમાં શ્રેષ્ઠતા લાવવાનો પ્રયત્ન કરવો.

2. જો તમે ફુલ ઓનરશિપ સાથે એટલે કે તમારું પોતાનું જ છે તેમ માનીને કામ કરશો તો તમારો કામ પ્રત્યેનો દૃષ્ટિકોણ પણ બદલાઈ જશે. તમે તમારી કંપની માટે હાઇ લેવલ ક્વૉલિટીવાળી પ્રોડક્ટ બનાવશો સાથે સાથે તમે કંપનીની પાઈ પાઈ બચાવવા પ્રયત્ન કરશો.


3.તમારો માલિકીપણાનો ભાવ તમને વિશેષ આત્મગૌરવ આપશે અને તમને કંપનીમાં વિશેષ સ્થાન મળશે.

4. સંપૂર્ણ આનંદ અને હસમુખા ચહેરા સાથે કામ કરો. તમને આઉટસ્ટેન્ડિંગ પરિણામ મળશે.

**અચિવ યોર ગોલ**

★ ભાવેશ ઉપાધ્યાય

એક વખત એક મુસાફર શહેરી વિસ્તારથી દૂર કોઈ જગ્યાએ ફરવા નીકળ્યો હતો. રાત્રિ પડતાં નજીકની વીશીમાં તપાસ કરી પણ ખાસ કોઈ વિશેષ સગવડ મળી શકે તેમ ન હતું. આખરે એક મંદિર



જોવા મળ્યું ને ત્યાં રાત્રિરોકાણની વ્યવસ્થા થઈ. મુસાફરે પૂજારી સાથે વાતચીત કરી અને જાણ્યું કે મંદિરમાં આરતી વહેલી સવારે 5.30 વાગ્યે થતી હતી. મુસાફરે પૂજારીને વિનંતી કરી કે પ્રવાસનો થાક છે તેથી કદાચ વહેલા ઊઠી ન શકાય તો આપ મને વહેલા અચૂક ઉઠાડજો કારણ કે હું આરતીમાં ભાગ લેવા માગું છું. ઠંડીના દિવસો હતા, પૂજારી પ્રમાણમાં વૃદ્ધ હતા. વહેલી સવારે તેમણે ઓરડી ખટખટાવી. સ્નાન કરીને હું મંદિરમાં પહોંચ્યો તો વૃદ્ધ પૂજારી હાથમાં ઘંટડી અને પંચદીપવાળી આરતીથી ભગવાનને અત્યંત ભાવથી જમાડી રહ્યા હતા. મેં ઘંટારવ કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ પૂજારી તેમની મસ્તીમાં મસ્ત હતા. તે દિવસે ત્રણ-ચાર યાત્રાળુઓ હતા અને ધીરે ધીરે બાકીના યાત્રાળુઓ પણ આરતીમાં જોડાયા. આરતી પત્યા પછી પૂજારીને પગે લાગીને મુસાફરે પૂછ્યું: ‘‘આટલી વહેલી સવારે જે કાળજી અને ભાવથી આપ આરતી ઉતારી રહ્યા હતા તે જોવા માટે તો કોઈ હાજર જ નહોતું છતાં આપને જે આનંદ અને ગૌરવથી આરતી કરતા જોયા તેનાથી આશ્ચર્ય થાય છે.’’ પૂજારીનો જવાબ બહુ સુંદર હતો : ‘‘મોટે ભાગે સવારની આરતીમાં કોઈ હોતું નથી પરંતુ મારે તો મારા ભગવાનને રાજી કરવાના છે અને તેમાં પણ આ મંદિરના ટ્રસ્ટીઓએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે અને મને જે જવાબદારી સોંપી તે મારા માટે ગૌરવની વાત છે. હું અહીંયા માત્ર નોકરી કરતો નથી પરંતુ આ જગ્યાનો કામચલાઉ માલિક છું અને મારા ભગવાનનો સેવક છું. તેથી સવારથી રાત્રી સુધી મારી સર્વોત્તમ શક્તિનો ઉપયોગ કરીને આ જગ્યા પવિત્ર, ભવ્ય અને પ્રસિદ્ધ બને તો મારા જીવનને સંતોષ મળી રહે.’’

**જ્યારે તમે કોઈ પણ હાથમાં લીધેલું કામ પૂરા દિલથી કરો તો તમને કામ દરમ્યાન સુખની અનુભૂતિ થશે અને તમારી સફળતાના ચાન્સીસ 100% રહેશે. કામ કરવું મહત્ત્વનું નથી, કામ દરમ્યાનની તમારી પ્રોસેસ અને આનંદ મહત્ત્વનાં છે. જે કામ કરો તેને પૂર્ણ આનંદ સાથે મન અને દિલ લગાવીને કરો તો તેનો આનંદ અદભુત હશે**

કહેવાનો ભાવાર્થ એ છે કે એક પૂજારી મારું મંદિર, મારી પૂજા, મારી સેવા, મારી જવાબદારી, મારી સર્વોત્તમ શક્તિનો ઉપયોગ જેવા શબ્દો માત્ર ઉચ્ચારે જ નહીં પરંતુ તેમના વર્તનમાં પણ આ જ શબ્દોનો ભાવ જોવા મળ્યો ત્યારે લાગ્યું કે જવાબદાર બનવું, માલિકીપણાની અનુભૂતિ કરવી અને આત્મસંતોષ મેળવવો કેટલો સરળ છે છતાં તેના માટે માનસિકતા કેળવવી બહુ જરૂરી બને છે. તમે જે કંપનીમાં કામ કરતા હો ત્યાં તમે જોયું હશે કે કેટલાક કર્મચારી ઉપર પ્રમોટરને બહુ ભરોસો હોય છે. આવા કર્મચારીમાં રહેલી ઑનરશિપને કારણે પ્રમોટર આ કર્મચારીઓ પર વધારે વિશ્વાસ રાખે છે.

જ્યારે તમે કોઈ પણ હાથમાં લીધેલું કામ પૂરા દિલથી કરો તો તમને કામ દરમ્યાન સુખની અનુભૂતિ થશે અને તમારી સફળતાના ચાન્સીસ 100% રહેશે. કામ કરવું મહત્ત્વનું નથી, કામ દરમ્યાનની તમારી પ્રોસેસ અને આનંદ મહત્ત્વનાં છે. જે કામ કરો તેને પૂર્ણ આનંદ સાથે મન અને દિલ લગાવીને કરો તો તેનો આનંદ અદભુત હશે. ભગવાને માનવીને વિશિષ્ટ દિલ અને મન આપ્યું છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી જીવન સદાબહાર રહેશે.

જ્યારે તમે પૂરા દિલ સાથે કામ કરશો ત્યારે તમને એક કામ કરવાની ઓનરશિપ આપોઆપ આવી જશે. ubhavesh@hotmail.com

## મેરે અશ્જાર અઝાદાર હુયે જાતે હૈં
## ગાંવ કે ગાંવ જો બાઝાર હુયે જાતે હૈં
## - અહમદ ઈરફાન

**કેફિયત**

★ હનીફ મહેરી

મારા ઝાડ માતમ કરી રહ્યાં છે, ગામના ગામ જે બજાર બની રહ્યાં છે. વૃક્ષો (અશ્જાર) કપાય છે તેનું વૃક્ષોને પણ દુઃખ છે. તે પણ જાણે માતમ કરીને(અઝાદાર) જણાવી રહ્યાં છે કે ઝાડ કપાવાથી કોઈનું ભલું થવાનું નથી. થોડો સમય માટે જંગલોની ખુલ્લી જગ્યા વિકાસના નામે સિમેન્ટનાં જંગલો ઊભાં કરી દેશે. પરંતુ આખરે તો પ્રકૃતિનું નિકંદન માણસના અસ્તિત્વ માટે પણ ખતરો છે. આમ વૃક્ષનું રુદન કદાચ આજે આપણે અનુભવી શકતા નહીં હોઈએ પરંતુ જ્યારે ખુદ વૃક્ષ તેના મૃત્યુ માટે માતમ કરે ત્યારે ગામ કઈ રીતે સલામત રહે? ગામનાં ગામ હવે શહેર બનીને બજાર બની રહ્યાં છે. તેની ચિંતા વૃક્ષને છે. પ્રકૃતિ ગામડામાં રહે છે. ત્યાં વૃક્ષ છે. નદી છે. પંખીનો કલરવ છે. સવાર અને સાંજનો અહેસાસ છે.

પર્વત છે. ખળખળ વહેતાં ઝરણાં છે. આ ગામ જ્યારે તેનું ગામપણું ગુમાવે છે ત્યારે તેની સાથે વૃક્ષો જ નહીં તમામ પ્રકૃતિ માતમ કરે છે. શહેરનો વિકાસ ધીમે ધીમે ગામડાની પ્રકૃતિને ખતમ કરે છે. શહેરની ઝાકમઝોળ ઘણું બધું ગુમાવીને પ્રાપ્ત થાય છે. સિમેન્ટનાં જંગલો વેપાર તો ઘણો સારો કરી શકે છે પરંતુ એ વેપાર કે બજાર પાછળ ગામડાએ ઘણું ગુમાવવું પડે છે. ગામડાએ સૌથી પહેલાં તેની સંસ્કૃતિ ગુમાવવી પડે છે. શુદ્ધ હવા કે શુદ્ધ પાણી ગુમાવવું પડે છે. વૃક્ષો અને પંખીઓને ગુમાવવાં પડે છે.

એક ગામડું જ્યારે શહેર બને છે ત્યારે જાણે માત્ર બજાર બની જાય છે. જ્યાં દરેક વસ્તુનો ભાવ બોલાય છે. બસ વેપાર કરવાનો દરેક વસ્તુનો. અહીં ગામડાની સભ્યતા જોવા નહીં મળે. બસ બધે વેપાર જોવા



મળે. કારણ શહેરમાં વૃક્ષોથી વધુ બજાર હોય છે. જ્યાં દરેક દુકાન ઉપર માત્ર વેપાર થાય છે. વૃક્ષોને બસ તેનું દુઃખ છે કે તેના અસ્તિત્વના ભોગે આવાં બજાર વધી રહ્યાં છે. આવાં શહેર વધી રહ્યાં છે. જ્યાં પ્રકૃતિ માટે કોઈ દરકાર નથી. વૃક્ષ તેના માટે માતમ કરે છે.